અપીલ અરજી નં.૩૭૦ તા.૨૦–૧–૧૦

અરજદાર: શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળા: કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ,ઉધનાઝોન

## ફરીયાદની હકીકત:–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી (૧) કુંદન લોજની સામે,વશી કોલોની માં હાલમાં તૈયાર થતા ત્રણથી ચાર માળના બાંધકામને આપના વિભાગે બાંધકામ કરવા અંગેની કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો પરમીશન આપી હોય તો તેની નકલ આપવા અને જો પરમીશન આપી ના હોય તો વિના પરમીશન ઉભાં તથા આ બાંધકામ વિરૂધ્ધ આપના વિભાગે આજ સુધીમાં શી શી કાર્યવાહી કરી તથા કયા કાયા અધિકારી કર્મચારીએ વિઝીટ લઈને કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૭૦/૨૦૦૯–૧૦

શ્રી રમેશ કે. જાંગીડની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી (૧) કુંદન લોજની સામે, વશી કોલોની માં હાલમાં તૈયાર થતા ત્રણથી ચાર માળના બાંધકામને આપના વિભાગે બાંધકામ કરવા અંગેની કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો પરમીશન આપી હોય તો તેની નકલ આપવા અને જો પરમીશન આપી ના હોય તો વિના પરમીશન ઉભાં તથા આ બાંધકામ વિરૂધ્ધ આપના વિભાગે આજ સુધીમાં શી શી કાર્યવાહી કરી તથા કયા કાયા અધિકારી કર્મચારીએ વિઝીટ લઈને કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા બાબત. એપેલેટ ઓફિસરને તા.૨૦–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની તથા સાથે લાગત અધિકારીઓની મુલાકાત નોંધ દર્શાવતી વિગતોની નકલ પણ સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૧૨૩૬ તા.૩૦–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ નથી? કે મળ્યા સામે નારાજગી છે? અને કઈ વિગતે? તે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તથા અરજદાર તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને પહોંચતી કરવામાં આવેલ નથી.

અરજદારે તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી (૧) કુંદન લોજની સામે, વશી કોલોની માં હાલમાં તૈયાર થતા ત્રણથી ચાર માળના બાંધકામને આપના વિભાગે બાંધકામ કરવા અંગેની કોઈ પરમીશન આપેલ છે કે કેમ? જો પરમીશન આપી હોય તો તેની નકલ આપવા અને જો પરમીશન આપી ના હોય તો વિના પરમીશન ઉભાં તથા આ બાંધકામ વિરૂધ્ધ આપના વિભાગે આજ સુધીમાં શી શી કાર્યવાહી કરી તથા કયા કયા અધિકારી કર્મચારીએ વિઝીટ લઈને કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપવા. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપેલ જણાતી નથી. અરજદારે અપીલ અરજીમાં નારાજગી અંગેનું કોઈ કારણ જણાવેલ નથી. તેમજ અરજદારને અપીલ તબકકે વધુ એક તક આપી પત્ર પાઠવવામાં આવેલ તેમ છતાં કોઈ વિગતો મળેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ ન હોય આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૧૦.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશ કે. જાંગીડ